ગાંધીનગર સમાચાર

સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ભારતને હિંદુસ્તાન કરવાનો સંચાર હતો!
છાને છૂપે પગે બારણું ઠેલવાનો વિચાર હતો!
પ્રચાર હતો ભાજપને ખભે બંદૂક ફોડવાનો -
બાહુબળે બનેલ નેતા એવો કયાં લાચાર હતો??
(મક્કમ મોદીશ્રી અભિનંદનને પાત્ર)

હાઈકુ

ચાલતે ગાડે
બેસી જવાની ટેવ -
પરિષદને...

સમજ વિના,
સંઘની વ્યાસપીઠ -
કરે છે કથા...

(રામમંદિર માટે 'આદેશ' નો દુરાગ્રહ)

ચિંતન

યોડહંમમેત્યાઘ સદાત્મગ્રાહકો ગ્રંથિલંય યાજ્ઞિ સ વાસનામયઃ ।
સમાધિના નશ્યતિ ક્રમબંધો બ્રહ્માત્મબોધોડપ્રતિબંધ ઈષ્યતે ॥

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

મિથ્યા વસ્તુઓ પર 'હું અને મારું' ઈત્યાદિ આત્મા ભાવનાથી ગ્રહણ કરાવનાર વાસનાયમ ગ્રંથિ (ગાંઠ) લય પામે છે, સમાધિથી કર્મબંદ નાશ પામે છે, તેમજ 'બ્રહ્મ એ આત્મા છે' આવું અસ્ખલિત જ્ઞાન સમાધિથી થાય છે.

ધન સમૃદ્ધિ અને સુખ-સગવડો જેવાં ભૌતિક સુખો માટે પિતા-પુત્ર ભાઈઓ વચ્ચે આજે ખૂન-ખરાબા થાય છે, હું અને મારું નું મમત્વ - તુચ્છ માનસિક વાસના આ બાબતોનું મુખ્ય કારણ છે.

શરીર આત્મા નથી એવું જ્ઞાન જયારે થાય ત્યારે આ મમત્વ છૂટે છે.

સુવિચાર

- માણસે વાત હળવી કરવી જોઈએ પણ હલકી તો નહીં જ - **ધર્મલોક**
- ઝખ્મ કુરેદતા હૈ, ફિર મરહમ લગાતા હૈ, વક્ત બૈરહમ હૈ,
  પર હકીમ સબસે અચ્છા હૈ - **ઈકબાલ પટેલ**
- મારી જિંદગી તો સદા બહાર છે, જે કંઈ મળ્યું છે એ મારા ગજા બહાર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણી આવક એ આપણા પગરખાં જેવી છે, જો ટૂંકી હોય તો ડંખે ઓને વધુ મોટા હોય તો ગડથોલિયું જ ખવડાવે છે - **અખંડ આનંદ**
- જીવન જેટલું સાદું રહેશે, તનાવ એટલું ઓછું રહેશે - **કાંતિ ભટ્ટ**
- જવાબદારી સ્વીકારવાની ક્ષમતા એ માનવીની પ્રતિભાનો માપદંડ છે - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : એક કપ પાણીમાં ચાર અંજીર ઉકાળીને ગાળીને ઉ ઉકાળો સવાર-સાંજ પીવાથી કફ છૂટો પડે છે અને નાક ખૂલી શરદીમાં ફાયદો થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

પુરાણો-ધર્મગ્રંથોની આકાશવાણી હોય કે મનના આકાશમાં ઉગતી વાત હોય, આપણે આપણા મનના આકાશમાં ઉઠતી વાણીનો સાદ સાંભળવો જોઈએ. સંત મોઝિસ એક ખેતરમાંથી પસાર થતા હતા. તેમણે એક ખેડૂતને ઘૂંટણિયે પડી પ્રાર્થના કરતો જોયો. ખેડૂત બોલતો હતો. 'હે ખુદા ! તું આ નદી પાણીથી છલકાવી દે, મારા ખેતરમાં પાક પકાવી દે. તો હું તને ખૂબ વ્હાલથી નવડાવી દઈશ. તારા ગુણગાન ગાઈશ તું અહીંયા આવ. તને ઉત્તમ ભોજન ખવડાવીશ...' આવું ઘણું બધું તે બોલી રહ્યો હતો. એના અવાજમાં દ્વારા છલકાતી હતી. મોઝિસે આ બધું સાંભળ્યું તેણે ખેડૂત પાસે જઈ ઠપકો આપતાં કહ્યું, 'તું કોણ છે? તું તારા મનમાં સમજે છે શું? તને ખબર છે ખુદા કોણ છે? તું એને નવડાવવા વાળો કે ખવડાવવા વાળો કોણ? તે તો દુનિયા આખી ને સ્નાન માટે પાણી પૂરું પાડે છે, દુનિયા આખી ઢંકાય એટલો વસ્ત્રો તે જ સર્જે છે. તું કોણ તેને આ બધું આપનારો ?' ખેડૂત મોઝિસની વાત સાંભળી ડરી ગયો. તેણે 'તોબા, તોબા' કરી પોતે જ પોતાના ગાલ પર તમાચા માર્યા. સંત મોઝિસને એમ થયું કે પોતે અભણ ખેડૂતને જ્ઞાન આપ્યું એમ માનીને ચાલતા થયા. ત્યાં આકાશવાણી સંભળાઈ, 'મોઝિશ, તને ખબર છે કે ખુદા કોણ છે? તને પણ ખબર થી તો તેં એક અભણ ખેડૂતની શ્રદ્ધા શું કામ તોડી ?' મોઝિસ અવાચક બની આકાશ સામે જોઈ રહ્યા. આકાશવાણીનો મર્મ તેમને તરત જ સમજાયો અને આંખમાં પસ્તાવાના આંસુ આવ્યા.

સપા-બસપાનું ગઠબંધન ભાજપને નડશે

તંત્રીસ્થાનેથી...

આગામી લોકસભાની ચૂંટણીમાં સૌથી વધુ બેઠકો ધરાવતા ઉત્તરપ્રદેશ પર મદાર રાખીને બેસી રહેવું ભારતીય જનતા પાર્ટીને પોસાય એમ નથી. ૨૦૧૪માં મેળવેલી પ્રચંડ બહુમતી પછી ગંગા, યમુના અને સરયૂમાં ઘણાં પાણી વહી ગયાં છે. ત્યારે મોદીની જે લાર્જન ધેન લાઈફ સાઈઝ ઈમેજ હતી એમાં ઘણો ઘસારો પડ્યો છે. વળી હિંદુત્વ કાર્ડનો ઉપયોગ કરવાની રમત પણ ખુલ્લી પડી ગઈ છે અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી પદે ગોરખપીઠના મહંત યોગી આદિત્યનાથનું રાજયારોહણ થયા પછી લોકસભાની ફુલપુર અને ગોરખપુરની બે પેટા ચૂંટણીઓમાં ભાજપને ભૂંડી હાર મળી છે. ખુદ આદિત્યનાથની પરંપરાગત ગોરખપુર બેઠક પર ભાજપનો ભૂંડો પરાજય એ કોઈ નાનોસૂનો સંકેત નથી. મોદી પછીના સૌથી મોટા સ્ટારપ્રચારક તરીકે યોગીને આગળ ધરવાની વ્યૂહરચના પણ સરવાળે નુકશાનકારક જ નીવડી છે. હિંદી હાર્ટલેન્ડમાં ભારતીય જનતા પાર્ટી અને નરેન્દ્ર મોદી સંદર્ભે ભ્રમનિરસન થઈ ગયું હોવાની પ્રતીતિ રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં સાંપડેલ નિષ્ફળતામાં પ્રતિબિંબિત થાય છે. કોંગ્રેસ માટે મહાગઠબંધનની થિયરી જરૂર ઘોંચમાં પડી છે. ઉત્તરપ્રદેશના બે મહારથી સપા અધ્યક્ષ અખિલેશ યાદવ અને બસપાના સર્વેસર્વા માયાવતી કોંગ્રેસી મુખ્યમંત્રીઓના રાજયારોહણમાં નિમંત્રણ હોવા છતાં ગેરહાજર રહ્યાં તે સૂચક હતું. ગત શુક્રવારે દિલ્હી કાતે આ બે નેતાઓ વચ્ચે થયેલ સૌહાર્દપૂર્ણ બેઠકને અંતે કોંગ્રેસને પૂછ્યા ગાછ્યા વિના જ બેઉએ ઉત્તરપ્રદેશની છ બેઠકો સિવાયની ચુમોત્તેર બેઠકો સરખા ભાગે વહેંચી લીધી છે. કોંગ્રેસની બે પરંપરાગત બેઠકો રાયબરેલી અને ઉમેઠી ઉપરાંત અજિતસિંહના રાષ્ટ્રીય લોકદળ માટે પશ્ચિમ ઉત્તરપ્રદેશની બાઘપત જેવી કેટલીક બેઠકો છોડી બાકીની તમામ પર સપા-બસપા ખભેખભા મિલાવી ઝુકાવશે. ભારતીય જનતા પાર્ટી માટે આ આંશિક - અધુરું ગઠબંધન પણ મુશ્કેલી ઊભી કરી શકે છે. સામે પક્ષે કોંગ્રેસની ધરાર અવગણના કરવાથી સપા-બસપાની સંયુક્ત ઉમેદવારોના વોટમાં દરાર પડી શકે છે. કોંગ્રેસ રાષ્ટ્રીય પાર્ટી હોઈ ઉત્તરપ્રદેશ જેવા મોટા રાજયમાં સાવ જ બ્લેન્ક જશે એમ માનવું વધારે પડતું છે. વોટબેંકમાં કોંગ્રેસની હાજરી જે કંઈ નુકશાન કરશે તે સપા-બસપાના સંયુક્ત ઉમેદવારને જ અસર કરશે. જો કે અખિલેશ અને માયાવતીએ તો કોંગ્રેસ ઉત્તરપ્રદેશમાં સાવ જ હાંસિયે ધકેલાઈ ગયેલી પાર્ટી છે એવી ધારણા સાથે એને પૂછ્યા પણ વગર ૩૭-૩૭ બેઠકો વહેંચી લીધી છે અને કોંગ્રેસના ઉમેવવારો ગઠબંધનને ઝાઝું નુકશાન નહીં કરી શકે એવાં નિવેદનો શરૂ કરાવી દીધાં છે. શિવપાલ યાદવની નવી પાર્ટીને પણ એમણે ગણતરીમાં નથી લીધી. અલબત્ત, અખિલેશ યાદવના પ્રવક્તાએ એક અગત્યની સ્પષ્ટતા કરી દીધી છે. તેઓ વડાપ્રધાન પદની રેસમાં નથી, માયાવતી છેલ્લે સુધી આવી સ્પષ્ટતા નથી કરી તે નક્કી છે. રાહુલ ગાંધી સાથે અખિલેશ યાદવની કેમેસ્ટ્રી મળતી હોવાથી વાત જૂની થઈ ગઈ છે. પરંતુ ચૂંટણી પછી તમામ વિપક્ષી સાંસદો સાથે મળીને કોઈ એક નેતા પર કળશ ઢોળી એમના હસ્તક સરકાર બનાવવની મંશા ધરાવે છે. વિવિધ રાજકીય પરિબળો પોતપોતાનાં હિતોના ભાગે ગઠબંધનની રાજનીતિ કરવા તૈયાર ન થાય તે સ્વાભાવિક છે. કોંગ્રેસ સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવે તો પણ પ્રાદેશિક પક્ષોના મહત્વાકાંક્ષી નેતાઓ રાહુલ ગાંધીને વડાપ્રધાનપદે બેસાડવા તૈયાર થશે કે કેમ તે પ્રશ્ન જ છે. ભારતીય જનતા પાર્ટી માટે આ પરિસ્થિતિ સાનુકૂળ એ દષ્ટિએ ગણાશે કે એમના વડાપ્રધાન પદના ઉમેદવાર અગાઉથી સુનિશ્ચિત છે અને મહાગઠબંધનએ માત્ર 'મોદી હટાવો' કાર્યક્રમને જ વરેલું છે, એવો પ્રચાર કરવાની ભાજપ નેતાગીરીએ અનુકૂળતા રહેશે.

સ્વામી વિવેકાનંદના વિચારોનું અજવાળું

અજવાળું - અજવાળું
તુષાર જોશી

"સર, સાચું એ છે કે, હું જ આ છોકરાઓ જોડે વાતો કરતો હતો, એટલે સજાનો મને પણ મળવી જોઈએ.'' વિદ્યાર્થીએ ટીચરને કહ્યું અને વિદ્યાર્થીની ઈમાનદારી અનુભવીને ટીચર દંગ રહી ગયા.

વાત એક શાળાના વર્ગખંડની છે, જેમાં વિદ્યાર્થીઓ ભણતા હતા. એમના રોજિંદા ક્રમ મુજબ શિક્ષણો આવતા ને ભણાવતા... એક દિવસ એવું થયું કે બે પીરીયસ વચ્ચે કોઈ ગેપ પડ્યો અથવા રીસેસનો સમય હતો. વિદ્યાર્થીઓ વર્ગખંડમાં વાતોએ વળગ્યા હતા. એ વિદ્યાર્થીઓમાં નરેન્દ્ર નામનો એક વિદ્યાર્થી પણ હતો. સ્વભાવગત લીડરશીપના- આદર્શ વક્તાના ગુણો એનામાં હતા. એ વાતો શરૂ કરે એટલે એમા સાંભળનાર એક ચિત્ત થઈને સાંભળ્યા કરે. બધા જાણે ધ્યાનમગ્ન થઈ જાય. અહીં પણ એવું જ થયું વિદ્યાર્થી નરેન્દ્રની વાતો શરૂ કરીને બધા એને સાંભળવામાં લીન. દરમિયાન અચાનક વર્ગખંડમાં શિક્ષક આવ્યા... એમને એમના સ્થાન ઉપર જઈને પોતાનો જે વિષય હતો એ ભણાવવાનું શરૂ કર્યું. આ તરફ નરેન્દ્રની વાતો સાંભળનાર તમામ વિદ્યાર્થીઓને પણ ખ્યાલ ન રહ્યો કે શિક્ષક આવી ગયા છે અને એમણે ભણાવવાનું શરૂ કરી દીધું છે. તેઓ તો નરેન્દ્રને જ સાંભળતા રહ્યા છે. તેમણે જોરથી કહ્યું, 'ત્યાં શું ચાલી રહ્યું છે?' ત્યારે બધાનું ધ્યાન ગયું કે શિક્ષક આવી ગયા છે ને આપણને ખબર નથી રહી... બધા શિક્ષક સામે જોઈને ગોઠવાઈ ગયા. બેન્ચ પર... શિક્ષકે પૂછ્યું અત્યો હમણાં મેં શું વાત કરી ? શું જણાવ્યું ? બધા ચૂપ - કોઈ જવાબ નહિં.

પરંતુ નરેન્દ્ર પોતે વાત કરી રહ્યો હતો ત્યારે સાથોસાથ શિક્ષકે કહેલી વાત પણ એણે સાંભળી હતી. માત્ર સાંભળી હતી એમ એને પૂછ્યો. પેલો સવાલ તો આરંભથી લઈને છેક સુધીની બધી વાતો એણે કહી દીધું... શિક્ષક એનાથી પ્રભાવિત થયા... અન્ય વિદ્યાર્થીઓ પર ગુસ્સે થયા. તેઓએ ફરી પૂછ્યું, 'હું ભણાવતો હતો ત્યારે ત્યારે કોણ વાતો કરતું હતું? બધાએ નરેન્દ્ર તરફ ઈશારો કર્યો... પરંતુ શિક્ષકને વિશ્વાસ ન આવ્યો કારણ કે નરેન્દ્રએ તો જે જણાવાયું તે બધું ગ્રહણ કર્યું હતું.... એટલે આખરે શિક્ષક નરેન્દ્ર સિવાયના વાતો કરનારા તમામ વિદ્યાર્થીઓને બેન્ચ પર ઊભા રહેવાની સજા કરી... બધા વિદ્યાર્થીની સાથે નરેન્દ્ર પણ ઊભો રહ્યો...' શિક્ષકે કીધું કે 'તેં તો સાચો ઉત્તર આપ્યો છે. તું બેસી જા...' તે સમેય નરેન્દ્રએ લેખના પ્રારંભે લખેલું વાક્ય શિક્ષકને કહ્યું હતું અને શિક્ષક તેની ઈમાનદારી જોઈને રાજી થયા હતા.

એ વિદ્યાર્થી નરેન્દ્ર એટલે પચીથી આખી દુનિયાએ જેમને સ્વામી વિવેકાનંદના નામે ઓળખ્યા તે મહાન વ્યક્તિત્વ.

એમના જીવનનો આવો જ એક બીજો પ્રસંગ પણ યાદ આવે, સ્વામીજી એ સમયે અમેરિકામાં ભ્રમણ કરતા હતા... એમણે જોયું કે કેટલાક યુવાનો એક પુલ પર ઊભા છે અને નદીમાં તરી રેહલી વસ્તુ પણ નિશાન લગાવી રહ્યા છે... થોડીવાર એમને જોયું અને નોંધ્યું કે એક પણ યુવાન પાસેથી બંદુક લીધી. નિશાન સાધ્યું.... બરાબર લાગ્યું... એકવાર નહિ, દસથી વધુ વાર બરાબર નિશાન લગાવવામાં તેઓ સફળ રહ્યા... ત્યાં ઉપસ્થિત યુવાનો નવાઈ પામ્યા ને પૂછ્યું 'અરે તમે આટલું સચોટ નિશાન કેવી રીતે લગાવો છો?'

સ્વામીજીએ હસતા હસતા ઉત્તર આપ્યો 'એવું છે, કે તમે જે કાંઈ પણ કામ કરો, એમાં પોતાનું પુરેપુરું દિમાગ કામમાં લગાડો... એ સિવાય બીજી કોઈ જગ્યાએ તન-મન જવું ના જોઈએ... તમે જયારે નિશાન લગાવો છો ત્યારે માત્રને માત્ર લક્ષ્ય ઉપર જ નજર હોવી જોઈએ. તમે ભણી રહ્યા છો તો માત્ર ભણવા પર ધ્યાન આપો, રમી રહ્યા છો તો તેમાં જ ધ્યાન આપો... જયારે આવી રીતે કામ કરશો ત્યારે કોઈ દિવસ નિશાન ચૂકશો નહિ... અમારા દેશમાં યુવાનોને આવી તાલીમ આપવામાં આવે છે... આમ કહી સ્વામીજી હસતા હસતા ત્યાંથી નીકળી ગયા.'

ભારતના યુવાને હિંમતવાન બને, સતત કર્મ કરવા પર જાગૃત થાય એ દિશામાં કામ કરનાર સ્વામી વિવેકાનંદ સાચા અર્થમાં આધ્યાત્મિક વ્યક્તિત્વ હતા. સત્ય અને પ્રમાણિકતા સાથે જીવન વીતાવનાર સ્વામીજીના વિચારો આજે પણ એટલા જ પ્રેરક છે ને નદીઓ પછી પણ રહેવાના છે. સ્વામીજીના જીવન પ્રસંગો -વિચારો - પ્રવચનો સાથે આપણે જોડાઈએ ત્યારે સ્વાભાવિક રીતે પ્રેરણાના અજવાળા રેલાય છે.

એલિસર બેન્યહૂદ - ભુવમાનીતા ભગવદ્ ભાષા - હિબ્રૂ - સંસ્કૃત - અને આપણે

વિચારયાત્રા
ડો. જય ઓઝા

હિબ્રૂ અને સંસ્કૃતમાં શું સામ્ય છે ? જેરુસલેમ અને એલિસર બેન્યહૂદ કયા તંતુના તાતણે વર્ષો સુધી અલગ રહેવા છતાં જોડાયેલા રહ્યા હતા? શું ભાષા અને સંસ્કૃતિ એકબીજાના પર્યાય છે? માતૃભાષાનું આપણા વ્યક્તિત્વ અને આપણા સમાજ માટે શું મહત્ત્વ છે?

ઉપરનું શીર્ષક વાંચીને અચંબો થતો હોય તો અને આપણી દેવભાષા સંસ્કૃત અને માતૃભાષા ગુજરાતી પરત્વે જો જરા સરખો પણ આત્મીય ભાવ હોય તો આ લેખ તમારી માટે છે.

વાત શરુ કરીએ 'ભુવમાનીતા ભગવદ્ ભાષા' નામક સંસ્કૃત પુસ્તકના લેખક ડૉ. વિશ્વાસના પુસ્તક પહેલા લખાયેલા 'બે શબ્દો' થી.

ભૂમધ્ય સમુદ્ર ઉપરાંત અનેકવિધ દેશો વચ્ચે ઘેરાયેલો અત્યંત નાનકડો છતાં અદ્ભુત દેશ એટલે ઈઝરાયલ. યહુદીઓની એ પ્રિય માતૃભૂમિ. ઈસુ પૂર્વે હજાર નવસોના સમયગાળામાં કેટલાક રાજાઓએ ઈઝરાયલને મહાસત્તા બનાવવાનો પ્રયત્ન કર્યો. સવિશેષ ડેવિડ નામના મહારાજાએ જેરુસલેમને રાજય બનાવી સામ્રાજય રચ્યું હતું. એ દિવસોમાં યહૂદી સંસ્કૃતિનો સૂર્ય મધ્યાહને હતો. જો કે એ પછી અસીરિયા, બેબીલોન, પર્શિયા, ગ્રીક, રોમ તથા અન્ય ઘણા દેશોએ ઈઝરાયલ પર આક્રમણ કરી ત્યાં રાજવટો ભોગવ્યો.

અંતે આ દેશ તુર્કી સામ્રાજયમાં વિલીન થઈ ગયો. પાદાક્રાંત માતૃભૂમિ છોડીને યહૂદીઓએ વિશ્વના અન્ય દેશોમાં જઈ આશરો મેળવ્યો. જે તે દેશનાં લોકો સાથે સમરસતાં સ્થાપી, ત્યાંની જ ભાષા અપનાવી અને ત્યાં જ વેપારવણજ કરતાં પોતાનું જીવન ગાળવા માંડ્યા... પરંતુ સૌના મન-હૃદયમાં માતૃભૂમિ પ્રત્યેનો શ્રદ્ધાદીપ જવલંત રહ્યો હતો.

યહૂદી સંસ્કૃતિ પૂર્ણકળાએ સમુન્નત હતી ત્યારે હિબ્રૂ ભાષા જ વ્યવહારની ભાષા તરીકે પ્રવર્તમાન હતી. 'બાઈબલ' પહેલાંના 'ઓલ્ડ ટેસ્ટામેન્ટ' નો મોટો ભાગ હિબ્રૂ ભાષામાં જ લખાયો હતો. યહૂદીઓની બધી ધાર્મિક ક્રિયાઓ હિબ્રૂભાષામાં જ પ્રયોજાતી હતી. કાળક્રમે યહૂદીઓ અન્ય દેશોમાં વસ્યા, ત્યાં હિબ્રૂ ભાષા કેવળ ધર્મ-વિધિઓ પૂરતી જ ટકી હતી. (જોયું ને ! બિલકુલ અત્યારે આપણી સંસ્કૃત ભાષા જેવાં હાલ હતા ને!)

આ કારણે યહૂદીઓના મનમાં એવો ભાવ ઘર કરી ગયો છે કે હિબ્રૂનો પ્રયોગ માત્ર ધાર્મિક કાર્યો માટે જ કરવો જોઈએ.

પરંતુ યહૂદી સંસ્કૃતિના પુનરુત્થાનની આકાંક્ષા સેવનારા કેટલાકે વિચાર્યું કે વ્યવહાર અર્થે હિબ્રૂ ભાષાને સજીવન કરવાથી યહૂદી સંસ્કૃતિને પુનરુત્થાન શક્ય છે, આ પૈકી એલિસર બેન્યહૂદ અગ્રેસર હતો. આ બાબતે એણે અનેક સપનાં જોયાં હતા. આ સપનાંને ચરિતાર્થ કરવા માટે એણે પોતાનું સમગ્ર જીવન કસોટીની એરણે ચઢાવી દીધું હતું. એના અદમ્ય સાહસની આ રોમહર્ષક કથા છે - ધરાતળે પ્રગટી ભગવદ્ ભાષા.

(ડૉ. વિશ્વાસનું મનનીય)

ડૉ. વિશ્વાસ લિખિત 'ભુવમાનીતા ભગવદ્ ભાષા' નામક સંસ્કૃત પુસ્તકનો ૨૦૧૪માં ડૉ. પૂજા ઉપાધ્યાયે હિન્દી અનુવાદ કર્યો અને હમણાં થોડાં જ સમય પહેલા જાણીતા લેખક શ્રી ભગીરથ દેસાઈએ આ જ પુસ્તકને 'ધરાતળે પ્રગટી ભગવદ્ ભાષા' ના નામે ગુજરાતીમાં ધારાપ્રવાહ અનુવાદ કરીને આપણી સમક્ષ મૂક્યો છે. આ પુસ્તક જયારથી મારા હાથમાં આવ્યું ત્યારથી મારા મસ્તિષ્કમાં આંદોલન થવા લાગ્યા છે... ભાષાપ્રેમી, ભાષાશિક્ષક, ભાષા-શિષ્ય હોવાના સંદર્ભે કેટલાક બહાનારૂપી ભયસ્થાનો કે જે મને-આપણને માતૃભાષા અને દેવભાષાને ફેલાવવામાં આડખીલીરૂપે બને છે, તે સંદર્ભે હિંમત કરીને એક પત્ર જ મેં એલિસર બેન્યહૂદને લખી નાખ્યો છે.

આત્મીય બેન્યહૂદ,

આશા છે કે જે દેવભાષા હિબ્રૂને વ્યવહારિક જીવનમાં પુનઃસ્થાપિત કરવા માટે આપે પોતાનું સંપૂર્ણ જીવન ખપાવી દીધું, તે હિબ્રૂના વર્ગો દેવલોકમાં દેવતાઓ સાથે તમે નિશ્ચિંતપણે લઈ રહ્યા હશો.

આમ તો કયાં ઈઝરાયલ અને કયાં છેક ભારત! કયાં હિબ્રૂ અને કયાં સંસ્કૃત! પરંતુ મને વિશ્વાસ છે કે, સાચા ભાષાપ્રેમીને ભાષાના સીમાડા નહીં નડે અને ગુજરાતીમાં લખાયેલ હોવા છતાં તમે ભાષાભાવની આત્યંતિક ઊર્જા અનુભવીને આ પત્ર ઉકેલી લેશો.

શ્રીમાન બેન્યહૂદ, અમારી સંસ્કૃત ભાષાનાં પણ અહીં હિબ્રૂ જેવા જ હાલ થઈ રહ્યાં છે તે અટકાવવાના સંઘર્ષમાં અહીં અમે રત છીએ. સંસ્કૃત માત્ર ધાર્મિક ભાષા ન બની રહે તે માટે પ્રયત્નશીલ છીએ...

અમે ઘણું બધું કરવા માંગીએ છીએ, પરંતુ ખૂબ શીઘ્રતયા થાકીને હારી જઈએ છીએ - અને ભાષાના ઝંડા જેટલા જોરથી ઊંચા કર્યા હોય તે, માત્ર એક ઠોકર આવવાથી નીચે મૂકી દઈએ છીએ.

અમે હજી અમારા જ સહોદરોને એ સમજાવી નથી શકતા કે સંસ્કૃત કે જે દરેક ભાષાઓની જનની છે, તે કઠીન જરા પણ નથી, તેનું વ્યાકરણ ક્લિષ્ટ જરા પણ નથી....પણિનીય વ્યાકરણના એક-એક નિયમ કેટલા વૈજ્ઞાનિક અભિગમવાળા છે, તે પણ અમે તેમને સમજાવી શકતા નથી...

અને એટલે જ કહેવાતા અમારા જ સારસ્વત સહોદરો સંસ્કૃતને મૃતપ્રાયઃ માનવાની ભૂલ કરીને સંસ્કૃતના અસ્તિત્વ વગરની ભાંગીતૂટી ગુજરાતી માતૃભાષાનું સેવન કરવાની ઠાલી સલાહ આપે છે. યથાતથ અશુદ્ધ બોલીને જ ધીરે-ધીરે લોકો તેવી કઢંગી અશુદ્ધ ભાષાની જ સ્વીકારી લે તેવો ભયંકર પ્રયત્ન અમારા જ કહેવાતા સારસ્વતો દ્વારા થઈ રહ્યો છે.

આ તો ભલું થજો કે કેટલાક ચુસ્ત ભાષા સાધકો હજી આ દેશમાં હાજર છે, કે જેઓ તમારી જેમ જ સંસ્કૃતને અને માતૃભાષાને પરમવૈભવ પ્રાપ્ત કરાવીને જ જંપ લેવાના છે.

તેમાં પણ ડૉ. વિશ્વાસે 'ભુવમાનીતા ભગવદ્ ભાષા' પુસ્તક લખીને તમારું અમર ચરિત્ર અમારી સમક્ષ રજૂ કરીને અમને નવા જ જોમ અને પ્રેરણાથી તરબતર કરી દીધાં છે. તમારી તોલે તો ન આવી શકીએ પરંતુ તમારા ચરણની ટચલી આંગળીના નખ બરાબર પણ કાર્ય કરી શકીશું તો જીવન ધન્ય થયું તેમ સમજશું.

લી. ભાષા પ્રેમીના વંદન.

(ક્રમશઃ)

- jayuoza@gmail.com,
Mo. 9898046488

જે સારું લાગે એની કયાંક, કયારેક, કોઈનાથી શરૂઆત તો કરવી પડે ને...!

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

અમદાવાદના ઉસ્માનપુરામાં રહેતા મિત્રને ત્યાં સુરતમાં રહેતો એનો ખાસ મિત્ર અચાનક આવી ચડ્યો. આ મિત્રએ કહ્યું, 'યાર, કાંકરીયાના ખુબ વખાણ સાંભળ્યા છે. કાલે સવારે આપણે કાંકરિયા ફરવા જઈશું.' બંને મિત્રો સવારે તૈયાર થઈ સોસાયટીના નાકેથી રીક્ષા પકડીને કાકરીયા જવા માટે નીકળી પડ્યા. કાંકરિયાના મુખ્ય દરવાજે રિક્ષામાંથી ઉતરીને અમદાવાદવાળા મિત્રએ રીક્ષા ભાડું ચૂકવીને પ્રેમથી રીક્ષાવાળાના ખભે હાથ મૂકીને કહ્યું, 'દોસ્ત, તારું રીક્ષા ડ્રાઈવિંગ ખુબ સરસ છે. મજા પડી ગઈ. થેન્ક્યુ ફ્રેન્ડ.'

પેલો રિક્ષાવાળો તો આભો બનીને જોઈ જ રહ્યો. થોડીવાર રહીને ધીમેથી બોલ્યો, 'તમને મજાક કરવા સવાર સવારમાં હું જ મળ્યો !'

'ના દોસ્ત, તારું રીક્ષા ડ્રાઈવિંગ ખરેખર ખુબ મઝાનુ છે. હું સાચું કહું છું, અમદાવાદ જેવા શહેરમાં સવારના પહોરમાં જબરજસ્ત ટ્રાફિકમાં ધીરજ અને કુશળતાપૂર્વક તે રિક્ષા ચલાવીને અમને સમયસર કાંકરિયા પહોંચાડી દીધા. ખરેખર મને ખૂબ જ ગમ્યું'

રિક્ષાચાલકે એક સરસ સ્મિત આપીને રીક્ષા હંકારી મૂકી.

સુરતવાળા મિત્રએ આ આખી ઘટના જોઈને તેના મિત્રને પૂછ્યું, 'યાર, આ શું ? તે રિક્ષાવાળાને કેમ આટલો માથે ચઢાવ્યો ? '

મિત્રને જવાબ આપતા એણે કહ્યું, 'હું આખા શહેરમાં પ્રેમનું સામ્રાજ્ય સ્થાપવા માગું છું. હું માનું છું આ શહેરને માત્ર ને માત્ર પ્રેમ જ વધુ સુંદર અને આહલાદક બનાવી શકે છે.'

' પણ એમાં આ રીક્ષા ડ્રાઈવર કઈ રીતે ઉપયોગી થાય ? ' પેલા સુરતવાસી મિત્રને હજી સંશય હતો.

' જો આ એક રીક્ષા ડ્રાઈવર આજે આખા દિવસમાં વીસથી પચીસ લોકોને મળશે. માની લઉ છું કે, એ બધા સાથે એ પણ આવી પ્રેમની પરિભાષા ફેલાવતો રહેશે. એ વીસ-પચીસ મુસાફરો પણ બીજા પચીસ-ત્રીસ લોકોને મળશે અને એ લોકો પણ પ્રેમની ધારા વહેવડાવતા રહેશે. આમ એક જ દિવસમાં ઓછામાં ઓછા એકાદ હજાર લોકો સુધી પ્રેમ પાંગરતો જશે. એક અમદાવાદી તરીકે આ સોદો નફાકારક ન કહેવાય ? જે સારું લાગે એની ક્યાંક ક્યારેક શરૂઆત તો કરવી પડેને ! ' અમદાવાદવાસીએ મિત્રના તર્કનું સમાધાન કરવાની કોશિશ કરી.

અહીં એક પ્રશ્ન સહેજે થાય કે, દિવસમાં એકાદ વ્યક્તિ ઉપર

> **પારખી લીધુ તો કોઈ આપણુ નથી**
> **સમજી લીધુ તો કોઈ પારકુ નથી**
> **- અજ્ઞાત**

આધાર રાખવાથી આખા શહેરમાં પરિવર્તન થઈ જ જાય એવી અપેક્ષા કદાચ વધારે પડતી ન કહેવાય ? એક જ વ્યક્તિ ઉપર આધાર રાખીને આ વાતને સીમિત બનાવી દેવી ન જોઈએ. દિવસમાં જેટલા જાણિતા કે અજાણ્યા લોકો મળે અથવા ઓછામાં ઓછા પંદર-વીસ વ્યક્તિઓ સાથે તો આનંદપૂર્વક પ્રેમ પ્રસરાવવાનુ મઝાનુ કાર્ય થવું જોઈએ. આમ થાય તો એમાંથી ચાર-પાંચ જણામાં પ્રેમનું પુષ્પ સરસ રીતે ખીલી શકે. પછી એ પ્રેમનો સંદેશો વધુ ને વધુ વ્યાપક બનતો જાય.

આ વાત લખવા, વાંચવા કે બોલવામાં સારી લાગે પણ વ્યવહારિક પરિણામ કેટલું મળે એવો તર્ક જરૂર થાય. ચલો માની લઈએ કે, વાસ્તવિક પરિણામ કદાચ ન પણ મળે, તો પણ, કોઈપણ વ્યક્તિના કાર્યની કદર કરવા માટે વધુમાં વધુ કેટલો સમય જોઈએ ? બે-પાંચ મિનિટ જ ને. અને ઉપરથી પૈસાનો કોઈ ખર્ચ પણ નહીં. માત્ર શબ્દોથી કામની કદર અને સ્મિતનો સત્કાર કરવાથી આ ચમત્કાર થઈ શકે છે. સવાલ માત્ર એટલો છે કે, આ પ્રક્રિયામાં વિશ્વાસ બેસવો જોઈએ.

કેટલાક લોકો આવી વર્તણૂકને પાગલપન સમજતા હોય છે. ખરેખર તો આ એક ચેતના છે. એને હવા મળતા એક જબરજસ્ત વંટોળ બનતા વાર નથી લાગતી. રોડ બનાવવાનું કામ કરતાં શ્રમજીવીઓ વચ્ચે જઈને એમ કહેવામાં આવે કે, ' મિત્રો, તમે તો અદભુત કામ કરો છો. તમારા આજના આ પરિશ્રમને કારણે આવતીકાલથી આ વિસ્તારમાં પરિવહન વ્યવસ્થા વધુ મજબૂત બનશે. નાના-મોટા વેપારીઓ અને શાળાએ જતા વિદ્યાર્થીઓને ખૂબ મોટી રાહત મળશે.' બસ, આટલા શબ્દો જ એ શ્રમજીવીઓના ઉત્સાહને બેવડો કરી દેશે. એમના કાર્યમાં વધુ જોમ, ઉત્સાહ અને નિખાર આવશે.

સામાન્ય રીતે આ પ્રકારના વ્યવહાર વખતે બીજા લોકો એમ જ વિચારતા હોય છે કે, એક વ્યક્તિના આમ કરવાથી શો ફરક પડે. છોડોને આ બધી જફા. પણ આ પ્રકારની નિરાશાજનક અને હતાશાજનક નકારની પરિભાષા ખંખેરી નાખવામાં આવે તો ધીરે ધીરે પરિસ્થિતિમાં ચોક્કસ બદલાવ આવે. આમ પણ કોઈ નવી અને સારી વાતનો સ્વીકાર કરતાં પહેલાં થોડી વાર જરૂર લાગે, પણ જ્યારે એ સમજાય અને પકડાય ત્યારે એ વાત પ્રેમનું વાવાઝોડું બનીને ફરી વળે અને મઝાનો બદલાવ લાવે છે.

કોને પ્રેમ કરવો અને કોને ન કરવો એવી તારવણી અને પસંદગીમાં પડવાની પળોજણ શા માટે કરવી જોઈએ ? ક્યારેય વિચાર્યું છે કે, માત્ર પોતાનું હદય ખુલ્લું રાખીને બધાને આવકાર આપવાથી કેટલા હળવા બની જવાતું હોય છે. આટલા વિસ્તારમાં અને આટલા લોકોને જ અજવાળું આપવુ એમ નક્કી કરીને સુર્ય ક્યાં પ્રકાશ આપે છે ? એ તો સૌ કોઈના જીવનમાં એક સરખો ઉજાસ આપતો હોય છે. પ્રેમનું પણ એવું જ છે. પ્રેમ કોઈને બાકાત રાખતો નથી. પ્રેમ કોઈના ઉપર માલિકીભાવ બતાવતો નથી. પ્રેમ તો એક એવો સમ્રાટ છે કે, જેના સૌજન્યના સામ્રાજ્યમાં સમસ્ત વિશ્વને હળવું ફૂલ બનાવવાનું સામર્થ્ય હોય છે. પ્રેમને તો બસ વહેવા દેવો પડે. માર્ગમાં આવતા બધાને પ્રેમ પામવા માટે આગળ આવવા દેવા પડે. પ્રેમની ધારામાં આવતા સૌને સત્કારવા પડે. એકવાર વહેતા થયેલા આ પ્રેમના ઝરણામાં હજાર ગણો ઉમેરો થતો હોય છે. અને પછી એ વિશાળ સાગરનું સ્વરૂપ પકડાતો હોય છે. સાગરની લહેરો ઉપર સવાર થઈને એ જ પ્રેમ પાછો વળીને તમને આખેઆખા ભિંજવી નાખતો હોય છે.

ધબકાર :
કોઇના કરેલા કાર્યની કદર કરતો ઉત્સાહવર્ધક એક શબ્દ હજાર હોર્સપાવરનું કામ કરતો હોય છે.